જન્મદિને વધામણી



વલ્લભભાઈ એમ. પટેલ
ચેરમેન, કડી સર્વ વિશ્વવિદ્યાલય

મીનાબેન બ્રહ્મભટ્ટ

પ્રિયંકા અશોક જોષી
મો. ૮૮૬૬૮ ૪૮૬૧૯

મોના તેજસ પરમાર

રવિ બાબુલાલ નાયી

તલોદમાં બોરનુ પાણી એગ્રીકલ્ચરમાંથી ઈન્ડસ્ટ્રીઝમાં ઉપયોગ થતાં ખેડૂતોનો હોબાળો

પ્રાંતિજ, તા. ૫ સાબરકાંઠા જિલ્લાના તલોદ ગામ ખાતે ખેતીની જમીનમાંથી ટેમ્પરરી કનેક્શન લઈને આઠ કિલોમીટર સુધી લાઈન કરી લઈ જઈ કંપનીમાં પાણી લઈ જવાતા ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ખેડેતોને આઠ કલાક વિજળી મળે છે અને એકઝારો પ્રા.લી.કંપનીને ૨૪ કલાક વપરાશનું કનેકશન અપાતાં એકઝારો કંપની દ્વારા ૨૪કલાક પાણી બોર દ્વારા મોટી મોટર મુકીને પાણી રાત-દિવસ ખેંચવામાં આવે છે અને પૈસાના જોરે કંપની દ્વારા આઠ કિલોમીટર પાણીની પાઇપલાઈન લાંબી કરવામાં આવી છે. આઠ કિલોમીટર એકઝારો કંપની સુધી પાણી લઈ જવામાં આવ્યું છે તો ૨૪ કલાક મોટર ચાલુ રહેતા આજુબાજુના ખેતરોમાં પાણીના તળ નીચા ગયાં છે તો હાલ તો ખેડૂતો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે વિજકંપની દ્વારા મીલીભગતથી બોરનું પાણી એકઝારો કંપની સુધી પહોંચ્યુ છે અને તાત્કાલિક ૨૪ કલાકનું કનેક્શન આપવામાં આવ્યું છે તો અમને ખેડૂતોને આઠ કલાક વિજ પ્રવાહ મળે છે. આ અંગે વિજકંપનીમા તથા જીલ્લા કલેક્ટરને લેખિતમા જાણ કરી તાત્કાલિક વિજકનેકશન બંધ કરવા અને તલોદ ગામમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલના એન.એ.ના વાંધા અરજી કરવામાં આવી છે.

તસવીર : સંજય રાવલ

વીજઅધિકારીનુ શું કહેવું છે

તલોદ વીજઅધિકારી ખણુસીયાને આ વીજ કનેકશન વિષે પુછતાં તેવોએ જણાવ્યું કે અને નીતી નિયમો મુજબ વીજકનેકશન આપેલ છે અને હવે પહેલા જેવું નથી નિયમોમાં ફેરફાર થયાં છે જેથી કંપનીના કાગળો કંપલેટ હોય તો એન.એ. વગર પણ વીજ કનેકશન આપી શકાય છે.

ખેડૂતોનું શું કહેવું છે

તલોદ ગામના ખેડૂત વિનુભાઇ પટેલ, અશ્વિનભાઇ પટેલ, રમેશભાઇ પટેલ, હરેશભાઇ પટેલ સહિત ખેડૂતો આગેવાનોનું કહેવું છે કે વીજ કંપની દ્વારા નિયમોને નેવે મુકીને મીલીભગતથી મંજુરી આપી છે. અને બોરનું એગ્રીકલ્ચરનું પાણી હાલ તો ઈન્ડસ્ટ્રીયલમાં વપરાય છે. તો ખેડૂતોને સરકાર દ્વારા માત્ર આઠ કલાક લાઇટ અપાય છે અને કંપનીને ચોવીસ કલાક જેથી કંપની દ્વારા મોટર મોટી મુકી રાત-દિવસ પાણી ખેંચતા અમારા આજુબાજુમાં આવેલ બોર કુવાઓમાં પાણી ઓછું થયું છે ને હાલ તો પાણીના તળ નીચા ગયાં છે.

ઢેલાણા નજીક અજાણ્યા વાહનની ટક્કરે એક વ્યક્તિનું મોત

પાલનપુર તાલુકાના ઢેલાણા પાસે અજાણ્યા વાહનની ટક્કરે એક ૩૫ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જે વ્યક્તિ પાટણ જિલ્લાના ચંદ્રમણા ગામનો હોવાનું બહાર આવ્યું છે. પાલનપુર તાલુકાના ઢેલાણા ગામ પાસે એક અજાણ્યો વાહન ચાલક ૩૫ વર્ષીય અજાણ્યા યુવકને ટક્કર મારી ફરાર થઇ ગયો હતો. જે ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. જોકે, મૃતક ચંદુજી નારણજી ઠાકોર પાટણ જિલ્લાના ચંદ્રમણા ગામ નજીકનો રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

લાલપુર પ્રાથમિક શાળામાં ચોપડા કંપાસનું વિતરણ કરાયું

ધનસુરા તાલુકાના નવી શિણોલ જૂથની લાલપુર પ્રાથમિક શાળામાં શાળાના સ્ટાફ પરિવાર તરફથી નોટો અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ શાળાના ઉપશિક્ષક સુમિત્રાબેન પટેલે પોતાની પૌત્રીના જન્મદિવસ પ્રસંગે ધોરણ-૧ અને ધોરણ-૨માં કંપાસ પેટીનું વિતરણ કર્યુ હતુ. આ પ્રસંગે મોડાસા બીઆરસી હાર્દિકભાઈ પટેલ, નવી શિણોલ સીઆરસી રાકેશભાઈ પટેલ હાજર રહ્યા હતા. અને સર્વે શાળા પરિવારનો આભાર માન્યો હતો.

હિંમતનગરના મોતીપુરા ગામમાંથી ડુપ્લીકેટ નોટ બનાવતા પાંચ શખ્સોને દબોચ્યા

સાબરકાંઠા જીલ્લાની વિવિધ બેંકોમાં વારંવાર જમા રકમમાંથી ડુપ્લીકેટ ભારતીય ચલણની નોટ મળી આવવાની ઘટના બનતા સાબરકાંઠા પોલીસ વડા ચૈતન્ય માંડલિક દ્વારા જીલ્લા એસ.ઓ.જી પોલીસને માર્ગદર્શન આપી ડુપ્લીકેટ નોટ છાપી દેશના અર્થતંત્રને માઠી અસર પહોંચાડતા અસામાજિક તત્વોને ઝડપી પાડવા સૂચના આપતા શુક્રવારે સાંજે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી હિંમતનગર, પ્રાંતિજ, વિસનગર, ચાણસ્માના ૫ શખ્સોને રૂ.૫૦૦ના દરની ૧૭ ડુપ્લીકેટ નોટ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતીય

સાબરકાંઠા એસઓજી પોલીસે બાતમીના આધારે હિંમતનગરના મોતીપુરા સર્કલ નજીકથી વિજયસિંહ હરીસિંહ વાઘેલા રહે. ચંદ્રનગર, હિંમતનગર, જી. સાબરકાંઠાનાને બનાવટી ભારતીય ચલણી નોટો નંગ-૭ સાથે ઝડપી પાડી તેની આગવી ઢબે પુછપરછ કરતા ડુપ્લીકેટ ચલણી નોટ છાપવાનું કૌભાંડ બહાર આવતા ચકચાર મચી હતી. વિજયસિંહ હરિસિંહ વાઘેલા બનાવટી ભારતીય ચલણી નોટો તેના મિત્રો વિજય હસમુખભાઈ રામી રહે. ૨૦૪, બીજો માળ, રાજારામ ફ્લેટ, આંબાવાડી, હિંમતનગર, અક્ષય દશરથભાઈ રાવલ રહે. સોનાસણ પ્રાંતીજ, મુળ રહે. મીઠી ધારીયાલ, તા. ચાણસ્મા, જી. પાટણનાઓ ભેગા મળી આજથી બે મહીના પહેલા અલગ અલગ દિવસોએ અક્ષર રાવલના ઘરે તથા અશોક પરમારના ઘરે તથા પ્રવિણકુમાર પટેલના એશીયન કંપનીમાં આવેલ ક્વાટર્સમાં કલર ઝેરોક્ષ મશીનથી પ્રીન્ટર દ્વારા નકલી નોટ છાપતા હોવાની માહિતી આપતા અને ૪ સખ્સો ઉમા સ્કૂલની સામે આવેલ ખોડલ મંડપ નામની દુકાનમાં બેસેલ હોવાનું જણાવતા સાબરકાંઠા એસઓજી પોલીસે તાબડતોડ દુકાનમાં પહોંચી વિજય રામી પાસેથી રૂ. ૫૦૦ના દરની બનાવટી ભારતીય ચલણની નોટો નંગ-૩ તથા અક્ષર રાવલ પાસેથી રૂ. ૫૦૦ના દરની બનાવટી ભારતીય ચલણની નોટો નંગ-૨ તથા અશોકકુમાર પરમાર પાસેથી રૂ. ૫૦૦ના દરની બનાવટી ભારતીય ચલણની નોટો નંગ-૫ મળી આવતા બનાવટી ભારતીય ચલણી નોટો નંગ-૧૭ છાપવા ઉપયોગમાં લીધેલ કલર ઝેરોક્ષ મશીન વિજયસિંહ હરીસિંહ વાઘેલાએ જીયા ઝેરોક્ષ નામની દુકાનમાં વેચી દીધું હોવાનું જણાવતા પોલીસે કલર ઝેરોક્ષ મશીન તથા રૂ. ૫૦૦ના દરની ચલણી નોટો છાપવામાં ઉપયોગમાં લીધેલ કાગળો તથા ૫ શખ્સો પાસેથી મળી આવેલ બનાવટી ભારતીય ચલણી નોટો નંગ-૧૭ તપાસ અર્થે કબ્જે કરી આરોપીઓ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેઓ વિરૂદ્ધમાં હિંમતનગર બી-ડીવીઝન પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર. નં. ૫/૧૯ ઈપીકો કલમ ૪૮૯(ક)(ખ)(ગ), ૧૧૪ મુજબ ગુનો રજી કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ધાનેરા ખાતે સામાજિક સમરસતા મંચ દ્વારા

આસાપુરી માતાજીના મંદિરમાં તૃતીય એકાવન કુંડીનો યજ્ઞ યોજાયો

ધાનેરા ખાતે સામાજિક સમરસતા મંચ દ્વારા આસાપુરી માતાજી ના મંદિર માં તૃતીય એકાવન કુંડી નો યજ્ઞ યોજાયો જેમાં હજારો જનમેદની હાજર રહી ને હિન્દૂ સમાજ ની એકતા ના દર્શન કરાવ્યા હિન્દૂ સમાજ માં જાગૃતિ ના ઉદેશ થી આ યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સંતો ધ્વરા પણ લોકોને અપીલ કરવામાં આવી હતી કે હિંદુઓ ભાઈ ભાઈ બની ને રહે અને ઉચ્ચ નીચ ના ભેદભાવ ભૂલી બધા એકસમાન બની ને રહે.

સર્વ સમાજ એક થાય અને ભાઈચાર ની ભાવના ગાઢ બને એવા આશય સાથે ધાનેરા ખાતે સામાજિક સમરસતા યજ્ઞ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં પહેલા તબક્કો થરાદ હાઈવે પર આવેલ એક સોસાયટી માં અને દ્વિતીય તબક્કા માં ગાયત્રી મંદિર ખાતેયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું પ્રથમ અને દ્વિતીય યજ્ઞ માં વિશાળ સંખ્યા માં લોકોએ હાજર રહી ને સામાજિક સમરસતા યજ્ઞ માં આહુર્તિ આપવામાં આવી હતી દરેક સમાજ ના લોકો સાથે મળી ને આહુર્તિ આપતા લોકો નો નજારો કંઈક અલગ જ જોવા મળી રહયો હતો સર્વ પ્રથમ આ યજ્ઞ હશે કે જેમાં હિન્દૂ સમાજ ના લોકો ભેગા મળી ને યજ્ઞ માં આહુર્તિ આપી હશે હાજર રહેલા લોકો પણ આ યજ્ઞ ના કાર્ય ને સાર્થક થતું ગણાવી રહ્યા હતા.

આ યજ્ઞ માં કોઈ પણ નાતજાતના વાડા ભૂલી ને સર્વે હિન્દૂ સહોદર ની ભાવના ના દર્શન કરાવતા નજરે પડ્યા હતા.ત્યારે આજે ત્રીજા ચરણ નો યજ્ઞ આસાપુરી મંદિર ખાતે પૂર્ણ થયો જેમાં હિન્દૂ સમાજ ના અનેક સાધુ સંતોએ હાજરી નોંધાવી હતી સાથોસાથ દરેક સાધુ સંતોએ હિન્દૂ સમાજ ને નાતજાત ના વાડા મૂકી ને એક બનવાનો આહવાન કરવામાં આવ્યું હતું હિન્દૂ સમાજ સર્વ એક બની ને ઉજ્જવલ ભારત ના નિર્માણ ના કામ માં લાગી જવાની હાકલ કરવામાં આવી હતી સામાજિક સમરસતા યજ્ઞ માં દરેક સમાજ ના લોકોએ યજ્ઞ માં બેસીને આહુર્તિ આપવામા આવતા હિન્દૂ સમાજ ની એકતા ના દર્શન થયા હતા આ યજ્ઞ માં સાધુ સંતો ની સાથે અનેક સામાજિક આગેવાનો એ હજાર રહી ને હિન્દૂ સમાજ ની એકતા પર ભાર મૂકવામાં આવ્યો હતો આ યજ્ઞ માં મોટી સંખ્યામાં દરેક સમાજ ના લોકોએ હજાર રહી ને યજ્ઞ ને સફળ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

ચિંતાતુર પરિવારજનો રડી પડ્યા

મોટાસડા હાઈસ્કૂલના શિક્ષક ૩ માસથી ગુમ

પાલનપુર શહેરમાં રહેતા અને દાંતા તાલુકાના મોટાસડા ગામમાં ફરજ બજાવતા શિક્ષક છેલ્લા ત્રણ માસથી ગુમ થયા છે.જેની પોલીસ ફરીયાદ નોંધાવવા છતા હજુ કોઈ ભાળ ન મળતા પરીવારના સભ્યો દ્વારા રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. પાલનપુર શહેરના જુના લક્ષ્મીપુરમાં રહેતા દિનેશભાઈ શંકરભાઈ પટેલ દાંતા તાલુકાના મોટાસડા ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેઓ ત્રણ માસ અગાઉ તા.૧૦-૧૦-૨૦૧૮ના રોજ શાળાએ ગયા બાદ ઘરે પરત ન ફરતા પરીવારે ગુમ થયાની પોલીસ ફરીયાદ નોંધાવી હતી. પરંતુ આજદિન સુધી ગુમ થયેલા શિક્ષકની ભાળ મળી નથી. ત્યારે ચિંતાતુર પરિવાર આખરે ભાંગી પડ્યો હતો. દરમિયાન, શિક્ષકના પરિવાર દ્વારા શહેરમાં રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપી પરીવારના મોભીને શોધી કાઢવા રજુઆત કરી હતી.

મેરવાડા નજીકથી ચંદનની તસ્કરી કરતા બે ઈસમો ઝડપાયા

બનાસકાંઠા ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન પાલનપુર-અંબાજી હાઈવે ઉપરથી બે ઈસમોની તલાસી લેતાં તેઓની પાસેથી ચંદનના લાકડા મળી આવતા તેઓની વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અંબાજી હાઈવે ઉપર મેરવાડા ત્રણ રસ્તા નજીક પેટ્રોલીંગ કરી રહ્યા તે દરમિયાન શંકમંદ હાલતમાં બે ઈસમો જણાતા તેઓની પૂછપરછ કરી હતી પરંતુ તેઓની પાસેથી કંઈ સંતોષકારક પ્રત્યોત્તર ન મળતા ક્રાઈમ બ્રાન્ચ સ્ટાફે તેઓની વધુ તપાસ હાથ ધરતા તેઓની પાસેથી લાકાડાઓ ભરેલ કોથળાઓમાં કુલ ૨૩ ચંદનના લાકાડાઓની ફાડો જેનું વચન આશરે ૪૦ કિલો જપ્ત કરીને રાજુજી અમરતજી ઠાકોર તથા લખમણજી બદાજી ઠાકોર બંન્ને રહે. ડભાડ, તા. ખેરાલુ, જી. મહેસાણા વાળાઓની અટક કરી પાલનપુર પોલીસે તપાસ હાથ ધરી છે.

ખેડૂતોને ટેક્સના દાયરામાંથી સંપૂર્ણ મુક્તિ આપી જીવાડવા કોંગ્રેસની માંગ

ગુજરાતમાં ખેડૂતોના દેવા માફ નહીં કરતી ભાજપ સરકારે કૃષિલક્ષી વસ્તુઓમાં જીએસટી સંપૂર્ણપણે રદ કરવો જોઈએઃ ડો. હિમાંશુ પટેલ

ગુજરાત રાજ્યમાં દેવાનાં બોજ હેઠળ દબાયેલાં તમામ કિસાનો અને પશુપાલકોને ખેતીવાડી તેમજ કૃષિલક્ષી દરેક વસ્તુઓમાં જીએસટીમાંથી સંપૂર્ણ મુક્તિ આપી જીવતદાન આપવા કોંગ્રેસનાં મહામંત્રી ડૉ. હિમાંશુ પટેલે માંગણી કરી છે. ગુજરાતનાં ધરતીપુત્રોને દેવા માફી નહીં આપી આર્થિક બેહાલીમાં ધકેલનાર ભાજપ સરકારને રાજ્યનાં અછતગ્રસ્ત તાલુકાઓમાં પાક વીમો તાત્કાલીક ચુકવવા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં મહામંત્રી ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં વીજ ચોરીનાં કોમર્શિયલ બીલ માફ કરતી ભાજપ સરકાર ખેડૂતોનાં દેવાં માફ કરી શકતી નથી તે ગૌરવશાળી ગુજરાત માટે કમનસીબી છે. ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિનાં કારણે વિવિધ પાક અને શાકભાજીનાં પોષણક્ષમ ભાવો પણ નહીં મળતાં છેલ્લા ત્રણ મહિનામાં ૨૩ ખેડૂતોને આર્થિક દુર્દશાનાં કારણે આપઘાત કરવા પડ્યા છે. આ સંજોગોમાં ખેડૂતોને જીવાડવા માટે ભાજપ સરકારને નીચે જણાવ્યા પ્રમાણેની માંગણીઓ તાત્કાલીક પૂરી કરવા કોંગ્રેસનો મુખ્યમંત્રીને અનુરોધ છે.

- ગુજરાત રાજ્યના તમામ ખેડૂતોના દેવા માફ કરવામાં આવે.
- રાજ્યના અછતગ્રસ્ત તાલુકાઓમાં પાક વીમાની રકમ તેમજ વાવેતર નિષ્ફળ જતાં હેક્ટર દીઠ રૂપિયા ૧૦ હજાર આપવામાં આવે.
- ખેડૂતોને અપાતા વીજ કનેકશનમાં ૧૮ ટકા જીએસટી સંપૂર્ણપણે રદ કરો.
- સરકારે કોમર્શિયલ વાહનોમાં જીએસટી ૧૮ ટકાથી ઘટાડી ૧૨ ટકા કર્યો છે ત્યારે ટ્રેક્ટરનાં વીમા પ્રિમિયમ ૧૮ ટકા જીએસટી રદ કરો.
- સરકારે ખેડૂતોને ડ્રીપ ઈરીગેશનમાં સબસીડી ઓછી કરી જીએસટીમાં વધારો કર્યો છે તે સંપૂર્ણ નાબુદ કરવો જોઈએ.
- ખેતી ઉપયોગી ઓજારોમાં લેવાતો ૫ થી ૧૮ ટકા સુધીનો જીએસટી સંપૂર્ણપણે રદ કરવો જોઈએ.
- ખેડૂતો માટે ખાતર અને ડીઝલનાં ભાવોમાં ૫૦ ટકા ઘટાડી ખેતીમાં પ્રાણ પૂરવાં જોઈએ.
- પશુપાલકોનાં વીમા પ્રિમિયમમાં લાગુ કરાયેલો ૧૮ ટકા જીએસટી નાબૂદ કરવો જોઈએ.

અપરાધી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે જારી કર્યો હતો. ગયા મહિનામાં કોર્ટે તેમને ફરાર અપરાધી જાહેર કરવાની ઈડીની અરજીની સુનાવણી પર મનાઈ હુકમની માંગ કરતી માલ્યાની અરજીને ફગાવી દીધી હતી. અહેવાલમાં જણાવાયું છે કે હાલના તબક્કે આ પ્રકારનો નિર્ણય ખૂબજ મહત્વપૂર્ણ છે. નવા કાયદા હેઠળ ખાસ અદાલતોને કોઈ વ્યક્તિને આર્થિક અપરાધી તરીકે જાહેર કરવાના અધિકાર રહેલા છે. વિજય માલ્યા બ્રિટનમાં પણ મની લોન્ડરીંગના આરોપોનો સામનો કરી રહ્યા છે. ભારતે તેમની સામે પ્રત્યાર્પણની કામગીરી હાથ ધરી છે. તેમની સામે લોન ડિફોલ્ટ બદલ અનેક કેસો ઈડી અને સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવી ચુક્યા છે. માલ્યાની મુશ્કેલી વધુ વધવાના સંકેત પણ છે. કારણ કે હવે સરકાર તેમની સંપત્તિને પણ જપ્ત કરી શકશે. આર્થિક ફરાર અપરાધી ઘોષિત થયા બાદ સરકારને સંપત્તિ જપ્ત કરવાના અધિકાર મળી ગયા છે. માલ્યાની સંપત્તિ જપ્ત કરવાને લઈને પીએમએલએ કોર્ટ દ્વારા પાંચમી ફેબ્રુઆરીના દિવસે સુનાવણી હાથ ધરાશે. પીએમએલએ કોર્ટે વિજય માલ્યાની અપીલ માટે થોડોક વધુ સમય આપવાની માંગને પણ ફગાવી દીધી છે. માલ્યાના પ્રત્યાર્પણને બ્રિટન સરકારે લીલીઝંડી આપી દીધી છે. આર્થિક ફરાર અપરાધીનો મતલબ એ છે કે તેમની સંપત્તિ તરત જપ્ત કરી શકાશે. આર્થિક અપરાધી એ હોય છે જેમની સામે યાદીબદ્ધ રીતે અપરાધ માટે ધરપકડ વોરંટ જારી કરવામાં આવે છે. આવી વ્યક્તિ ભારત છોડે તો વિદેશમાં પણ કાર્યવાહી કરવામાં આવે છે.

માલ્યાની તકલીફમાં વધારો થવા માટે અન્ય પરીબળો પણ છે. માલ્યાના પ્રત્યાર્પણનો મામલો કોર્ટના ચુકાદા બાદ બ્રિટનમાં વિદેશ મંત્રી સુધી પહોંચી ગયો છે. શુક્રવારના દિવસે જ સંસદમાં માહિતી આપવામાં આવી હતી કે ૨૭ ડિફોલ્ટીંગ કારોબારી અને આર્થિક અપરાધીઓ દેશમાંથી ફરાર થઈ ચુક્યા છે.

ગઠબંધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વહેંચણીને લઈને સૈદ્ધાંતિક સહમતી બની ગઈ છે અને આ મહિનાના અંત સુધી ઔપચારિક જાહેરાત કરી દેવામાં આવશે. બીજી બાજુ સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવે કહ્યું છે કે તેમને એવી કોઈ માહિતી નથી કે વાતચીત કરવામાં આવી ચુકી છે. સપાના નેતા રાજેન્દ્ર ચૌધરીએ કહ્યું હતું કે લોકસભા ચુંટણી પહેલા સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી ગઠબંધન મુદ્દે સહમત છે. ઔપચારિક જાહેરાત કોઈપણ સમયે કરવામાં આવી શકે છે. શ્રેણીબદ્ધ બેઠકો યોજવામાં આવી ચુકી છે. અખિલેશ યાદવ અને માયાવતીએ ગઠબંધનને સૈદ્ધાંતિક મંજુરી આપી દીધી છે. શુક્રવારના દિવસે આ બંને નેતાઓની બેઠક યોજાઈ હતી. બીજી બાજુ બેઠકોના સંદર્ભમાં સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને અખિલેશ યાદવના કાકા રામગોપાલ યાદવને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે આ સંદર્ભમાં કોઈ વાતચીત થઈ છે તે અંગે તેમની પાસે કોઈ માહિતી નથી. સૂત્રોનું કહેવું છે કે કોઈપણ પ્રકારની ઘોષણા થશે તો માયાવતી અને અખિલેશ યાદવ દ્વારા જાહેરાત કરવામાં આવશે. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી લોકસભાની ચુંટણીમાં એકસમાન સીટો પર મેદાનમાં ઉતરશે. આ ફોર્મ્યુલા હેઠળ બંને પાર્ટીઓ ૩૫ અથવા ૩૬ સીટો પર ચુંટણી લડશે. કોંગ્રેસને આ ગઠબંધનથી બહાર રાખવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. રાયબરેલી અને અમેઠીમાં બંને પાર્ટીઓ કોંગ્રેસનું સમર્થન કરશે. રાષ્ટ્રીય લોકદળને ગઠબંધનમાં બે ત્રણ સીટો મળી શકે છે. બાકીની સીટો પર અન્ય પાર્ટીઓને આવરી લેવામાં આવશે. વાતચીત નિર્ણાયક તબક્કામાં છે.

ચર્ચાનો મુદ્દો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત હાલ નવીન આંગણવાડીના મકાનનું કામ નિર્માણાધીન છે.

બાકીના ત્રણ કામો પાનસર, રામનગર અને સામેત્રીમાં ગ્રામજનો પાસેથી વિકાસના કામો કયા હાથ ધરવા તે માટેની સંવાદ બેઠક સંપન્ન થઈ છે. હવે આ ગામોનો રોડમેપ તૈયાર કરવાની કામગીરી હાથ પર લેવામાં આવશે.

સાંસદ આદર્શ ગ્રામ યોજનામાં કામો ધીમી ગતિએ ચાલી રહ્યા છે તેમજ આ માટેનું ફંડ પણ ધીમી ગતિએ ઉપલબ્ધ થતું હોઈ કામમાં જે ગતિ આવવી જોઈએ તે આવી શકતી નથી. મળતી વિગતો પ્રમાણે રામનગર-સામેત્રી અને પાનસર ગામની સંવાદ બેઠક સંપન્ન થયા બાદ જ હજુ કોઈ નકકર કાર્યવાહી થઈ શકી નથી. આયોજન અને નકશા અંદાજોમાં જ કેટલો સમય જશે તેને લઈ તંત્ર મૌન છે.

વીમા એજન્ટોએ

● પાંચમા પાનાનું ચાલુ

જેનો એકાઉન્ટ નંબર-૬૯૧૦૦૧૦૧૧૦૦૦૯૫૦ હતો જેની પાસબુક લઈ લીધી હતી દસ દિવસ બાદ સુરેશ પરમાર કોકીલાબેનના ઘરે આવી ચેકબુક અને એટીએમ લેવાનું કહી બેંકમાં લઈ જઈ ચેકબુકમાં સહીઓ કરાવી એટીએમ પણ પડાવી લીધું હતું વિમાની પાકતી રકમ અંગે વારંવાર ઉઘરાણી કરતા રૂ.૯૦૦૦૦/- પાક્યા હોવાનું જણાવી વિમાની રકમ લેવા માટે અમદવાદ જવાનું કહેતા વિધવા પત્ની તેના ભાઈ રેવાભાઈ મોહનભાઈ તરાર સાથે અમદવાદ જતા અમદાવાદના પ્રદીપ શ્યામલાલ કોર પાસે લઈ જતા રૂ.૯૦૦૦૦/- અપાવ્યા બાદ તા.૨૭-૦૯-૨૦૧૮ રોજ પ્રદીપ ભાઈના કહ્યા મુજબ સમાધાનનો કરાર સ્ટેમ્પ સુરેશ પરમારે કરાવી લીધો હતો ત્યારબાદ વિજયા બેંકમાં તપાસ કરતા વીમા એજન્ટ ૯૦ હજાર રૂપિયા એટીએમ મારફતે ત્રણ દિવસમાં ઉપાડી લીધા હોવાનું અને તા.૧૫-૦૫-૨૦૧૮ ના રોજ મૃતકની પત્નીના ચેક નં.૧૧૩૭૦૬૫૫ થી ૮ લાખ રૂપિયા મુખ્ય વીમા એજન્ટ પ્રદીપ શ્યામલાલ કોર ના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાનું જાણ થતા તેમને સુરેશ પરમારને ફોન કરતા ૯૦૦૦૦/- રૂપિયા જ પાક્યા હોવાનું જણાવી ધમકી આપી તેમના ચેક મારફતે અન્ય શખ્શો સામે ફરીયાદ કરવાની ધમકી અપાતા કોકિલાબેન કનુભાઈ પરમારે સુરેશભાઈ સોમાભાઈ પરમાર અને પ્રદીપભાઈ શ્યામલાલ કોર સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પ્રદીપ શ્યામલાલ કોરની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા આ કેશના મુખ્ય આરોપી સુરેશ પરમારને પકડવા કાર્યવાહી હાથધરી હતી.